**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 13/12/2020 Accepted on : 28/12/2020 Publication Date: 30/12/2020

# મહેસાણા તાલુકામાં પશુપાલન ક્ષેત્રે સંકળાયેલા પશુપાલકોનો અર્થશાસ્ત્રીય અભ્યાસ

**જોશી ઋષિકેશ નરેન્દ્રકુમાર**
પી. એચ. ડી. સ્કૉલર, (અર્થશાસ્ત્ર વિભાગ), હે. ઉ. ગુ. યુનિ.,પાટણ.
Email - rushijoshi2595@gmail.com

**સારાંશ :-** વિશ્વ ફલક પર ભારત દેશ ખેતી પ્રધાન દેશ તરીકેની ખ્યાતિ ધરાવે છે. ભારતીય ખેતીક્ષેત્ર એ ભારતીય અર્થતંત્રની જીવાદોરી સમાન છે. ભારતની કુલ વસ્તીના ૭૦ ટકા કરતાં વધારે લોકો આજીવિકા માટે ખેતીક્ષેત્ર પર નિર્ભર છે. ખેતીક્ષેત્ર સંલગ્ન પશુપાલન વ્યવસાય એ ખેડૂતો માટે આર્થિક કમાણીનું મહત્વનુ અંગ બની રહે છે. ટૂંકમાં પશુપાલન અને ખેતીક્ષેત્ર એકબીજાના પૂરક કર્તા છે. પરિણામે ખેડૂતો પશુપાલન ના વ્યવસાય દ્વારા દૂધ-ઉત્પાદન કરીને સારી એવી આવક પ્રાપ્ત કરી શકે છે. પશુપાલ વ્યવસાયમાં નિરક્ષરતા ધરાવતા લોકો પણ ખૂબ જ સહેલાઈથી રોજગારી મેળવી શકે છે. પશુપાલનમાં ગાય-ભેંશ, ઘેટાં-બકરાં, મરઘાં-બતક અને મત્સ્ય ઉત્પાદનનો સમાવેશ થાય છે. ભારતમાં ખેતીના પૂરક વ્યવસાય તરીકે પશુપાલન ગ્રામીણ વિસ્તારની આર્થિક સુખાકારીનું મહત્વનું અંગ બની ગયું છે. જે ગ્રામીણ લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર વધારો કરે છે.

**શબ્દ :-** પશુપાલન, રોજગારી, આવક, આર્થિક સ્થિતિ, શિક્ષણ, ઉત્પાદન, ખર્ચ, કૃષિક્ષેત્ર, બચત.

## પ્રસ્તાવના :

પ્રાચીન સમયથી મનુષ્ય ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો છે. આદિકાળમાં મનુષ્ય પોતાના જીવન નિર્વાહ માટે પશુઓનો ઉપયોગ કરતો આવ્યો છે. ભારતીય અર્થતંત્રમાં પણ ખેતીની સાથે પશુપાલનનું મહત્વ રહ્યું છે. ભારતની કૃષિપ્રધાન અર્થવ્યવસ્થામાં પશુપાલન એક પૂર્ણ સમયના વ્યવસાય તરીકે આગવું સ્થાન ધરાવે છે. ભારત દેશ વિશ્વમાં દૂધના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. દૂધનાં કુલ ઉત્પાદનમાં ભેંસો (૫૨) ટકા, ગાયો ૪૫ ટકા અને ઘેટાં-બકરાનો (૩) ટકા જેટલો ફાળો રહ્યો છે. આમ, દૂધ ઉત્પાદનમાં ગાય અને ભેંસનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. પશુપાલન વ્યવસાયએ ગામડાઓમાં ખેતીના પૂરક ધંધા તરીકેનો વ્યવસાય છે. આ વ્યવસાયમાં વર્તમાન સમયે ખાસ કરીને નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો તેમજ જમીન વિહોણા મજૂરોની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત બની રહ્યો છે. આ વ્યવસાય થકી ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીની તકોમાં વધારો થાય છે. તેમજ સ્ત્રી સશક્તિકરણ પણ વધારો થાય છે. તે ઉપરાંત આ વ્યવસાય અંતર્ગત પશુપાલકોમાં વૈજ્ઞાનિક, ટેક્નોલોજિકલ પદ્ધતિથી પશુપાલન માટે વધુ જાગૃતા આવે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેથી આ વ્યવસાય વધુ નફાકારક બને અને પશુપાલકોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવી શકાય છે.

## પશુપાલનનો અર્થ -

"પશુપાલન વ્યવસાય એ મનુષ્ય પોતાના જીવન નિર્વાહ માટે પશુઓ જેવા કે ગાય, ભેંસ, ઘેટાં-બકરા, ઘોડા, મરઘાં-બતક જેવા પ્રાણીઓને ઉછેરીને તેમને વેચીને અથવા તો તેમના દ્વારા મળતાં ઉત્પાદનો જેવાં કે દહીં, દૂધ, છાશ, માખણ, ઘી વગેરેના વેચાણથી પૈસા મેળવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે."

આમ, એકંદરે જોતાં પશુપાલન વ્યવસાય એ ખેતીનો પૂરક વ્યવસાય છે. પશુપાલનને લગતા વિવિધ કાર્યક્રમો, યોજનાઓ, સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે. જેના થકી નવીન માહિતી મેળવી પશુપાલકો તેમના વ્યવસાયને વધુ વિકસાવી શકે છે.

## પશુપાલનના પ્રકારો -

ભારતમાં પશુપાલન વ્યવસાય અંતર્ગત તેના પ્રકારો પર નજર કરતાં ભારતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનું પશુપાલન સૌથી વધારે થાય છે. જેમાં ૧. ભુ-સ્તર પશુપાલન, ૨. તળાવ કે સામુદ્રીક પશુપાલન, ૩. પાંજરા પશુપાલન.

### ૧. ભુ-સ્તર પશુપાલન -

ભારતની મોટા ભાગની વસ્તી ખેતીની સાથે સાથે ભુ-સ્તર પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલી છે. ભુ-સ્તર પશુપાલનમાં ખાસ કરીને ગાય, બળદ, ભેંસ, ઘેટાં-બકરા, ઊંટ, ગધેડા, ખચ્ચર અને ઘોડા જેવા પશુઓનું પાલન મોટી સંખ્યામાં કરે છે. આવા પશુઓને ખુલ્લા મેદાનોમાં, તબેલાઓમાં કે રહેઠાણ વિસ્તારોમાં તેમનો ઉછેર કરવામાં આવે છે.

### ૨. તળાવ કે સામુદ્રીક પશુપાલન -

ભારતમાં ખાસ કરીને દરિયા કિનારે વસતા લોકો માટે આ વ્યવસાય આજીવિકાનું મહત્વનું સાધન બની રહ્યો છે. જેમાં દરિયા કિનારાનાં પ્રદેશોમાં સમુદ્રની નજીક તળાવો બનાવીને અથવા દરિયામાં જાળનો બ્લોક બનાવીને તેમાં જળચર જીવોનો ઉછેર કરવામાં આવે છે. તેમાં ખાસ કરીને માછલી, કેટ ફિશ, પાપલેટ માછલી તેમજ ચેલીયા માછલીઓનો ઉછેર સૌથી વધારે કરવામાં આવે છે.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 13/12/2020 Accepted on : 28/12/2020 Publication Date: 30/12/2020

**3. પાંજરા પશુપાલન -**

પશુપાલન વ્યવસાય અંતર્ગત પક્ષીઓ તથા ચપળ જીવોના ઉછેર માટે પાંજરા પશુપાલન વ્યવસાય મોટા પ્રમાણમાં થાય છે. જેમાં પશુ-પક્ષીઓની સંખ્યા અને આકાર પ્રમાણે પાંજરા બનાવીને તેમનો ઉછેર કરવામાં આવે છે. આ પ્રકારના વ્યવસાયમાં મધમાખી ઉછેર, મરઘાં-બતક, ઉછેર, સસલા, શાહમુર્ગ, ઈમુ જેવાં મોટા કદ ધરાવતા પક્ષીઓનો પણ ઉછેર કરવામાં આવે છે.

**સંશોધનક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ મહેસાણા તાલુકાનાં ગામોના પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના આર્થિક-સામાજિક સ્થિતિ પર કરવામાં આવેલ છે. જેમાં પશુપાલન વ્યવસાય અંતર્ગત કામ કરતાં લોકોમાં આવકનું પ્રમાણ, બચતનું પ્રમાણ, કામના કલાકો, પશુ ચિકિસ્તા, પશુ જાળવણી, પશુલક્ષી સરકારની સહાય યોજનાઓ અંગેની જાણકારી વગેરે મહત્વની બાબત બની રહે છે.

**હેતુઓ :**

૧. પશુપાલકોમાં શિક્ષણનું પ્રમાણ તપાસવું.
૨. પશુપાલન વ્યવસાય અંતર્ગત કામના કલાકો સામે વેતનનું પ્રમાણ તપાસવું.
૩. પશુપાલન વ્યવસાય અંતર્ગત દૂધ-ઉત્પાદનનું પ્રમાણ તપાસવું.
૪. પશુપાલકોમાં આવક-ખર્ચ પ્રમાણ તપાસવું.
૫. પશુપાલકોમાં બચતનું પ્રમાણ તપાસવું.
૬. પશુપાલકોમાં સરકારલક્ષી યોજનાઓ અંગેની માહિતીનો અભ્યાસ કરવો.

**પરિકલ્પના :**

૧. પશુપાલકોમાં શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે.
૨. પશુપાલકોમાં આવક સામે બચતનું પ્રમાણ વધારે જોવા મળે છે.
૩. પશુપાલકોમાં સરકારલક્ષી યોજનાઓની માહિતીનો અભાવ જોવા મળે છે.
૪. પશુપાલકોમાં મિલકતનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**સેમ્પલ (નમૂના) પસંદગી :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મહેસાણા તાલુકાનાં દેલા, ગોકલગઢ, બોરિયાવી અને પુનાસણ એમ કુલ ૪ ગામો પસંદ કરવામાં આવ્યા છે. પસંદ કરેલ ગામોમાંથી ગામ દીઠ ૨૫ પશુપાલકો યદ્દચ્છ નિર્દેશન પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવેલ છે. કે જેઓ પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે.

| મહેસાણા તાલુકો | | | | | |
|---|---|---|---|---|---|
| **પસંદ કરેલ ગામો** | **ગોકલગઢ** | **બોરિયાવી** | **પુનાસણ** | **દેલા** | **૦૪** |
| **ઉત્તરદાતા** | **૨૫** | **૨૫** | **૨૫** | **૨૫** | **૧૦૦** |

પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણા તાલુકાનાં પસંદ કરેલ ગામોમાંથી પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ લોકોની રૂબરૂ મુલાકાત કરી પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રિત કરીને મેળવેલ માહિતીને વર્ગીકરણ કરી તેના તારણો અને સૂચનો મળેવવામાં આવ્યા છે.

**(માહિતી વર્ગીકરણ)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | પશુપાલન વ્યવસાયમાં સંકળાયેલ લોકોમાં ઉંમરનું પ્રમાણ | ૧૫ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૩૦ વર્ષ | ૩૧ થી ૪૦ વર્ષ | ૪૧ થી વધારે |
| | | **૭.૩%** | **૧૯.૧%** | **૩૪.૫%** | **૩૯.૧%** |
| ૨. | પશુપાલન વ્યવસાયમાં સંકળાયેલ લોકોમાં સાક્ષરતાનું પ્રમાણ | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ શિક્ષણ |
| | | **૧૦%** | **૨૦%** | **૩૪.૫%** | **૩૫.૫%** |
| ૩. | કુટુંબના પ્રકારની વિગત | સંયુક્ત | વિભક્ત | પોતાનું | ભાડાનું |
| | | **૮૮.૨%** | **૧૧.૮%** | **૯૮.૦૨%** | **૧.૦૨%** |
| ૪. | પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ વર્ષ પ્રમાણ | ૧ થી ૫ વર્ષ | ૬ થી ૮ વર્ષ | ૯ થી ૧૨ વર્ષ | ૧૨ વર્ષથી વધારે |
| | | **૪.૫%** | **૮.૨%** | **૧૦%** | **૭૭.૩%** |
| ૫. | વ્યવસાય અંતર્ગત પશુપાલકની ભૂમિકા | પશુ સાર-સંભાળ | દૂધ દોહવું ડેરીમાં દૂધ ભરાવવું | ઘાસ-ચારાની વ્યવસ્થા | બધાજ કાર્યો |
| | | **૭.૩%** | **૧૭%** | **૩.૫%** | **૭૦%** |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 13/12/2020 Accepted on : 28/12/2020 Publication Date: 30/12/2020

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | દૈનિક કામના કલાકોનું પ્રમાણ | ૧ થી ૩ કલાક | ૪ થી ૬ કલાક | ૭ થી ૯ કલાક | ૧૦ થી વધારે |
| | | **૧૯.૧%** | **૩૯.૧%** | **૨૪.૫%** | **૧૭.૩%** |
| ૭. | પશુધન પ્રમાણ | ૧ થી ૩ | ૪ થી ૬ | ૭ થી ૯ | ૧૦ થી વધારે |
| | | **૧૯.૩%** | **૩૭.૬%** | **૨૪.૮%** | **૧૮.૩%** |
| ૮. | દૈનિક દૂધનું ઉત્પાદન | ૧ થી ૫ લિટર | ૬ થી ૧૦ લિટર | ૧૧ થી ૧૫ લિટર | ૧૬ લિટર કરતાં વધારે |
| | | **૨૦.૯%** | **૨૯.૧%** | **૩૩.૬%** | **૧૬.૪%** |
| ૯. | ડેરીમાં દૈનિક ભરાવામાં આવતું દૂધનું પ્રમાણ | ૧ થી ૩ લિટર | ૪ થી ૬ લિટર | ૭ થી ૧૨ લિટર | ૧૨ લિટર કરતાં વધારે |
| | | **૧૪.૫%** | **૨૩.૬%** | **૩૫.૫%** | **૨૬.૪%** |
| ૧૦. | ડેરીમાં વાર્ષિક ભરાવામાં આવતું દૂધનું પ્રમાણ | ૧૫૦૦ થી ૧૮૦૦ લિટર | ૧૮૦૧ થી ૨૦૦૦ લિટર | ૨૦૦૧ થી ૩૦૦૦ લિટર | ૩૦૦૧ લિટર થી વધારે |
| | | **૨૬.૯%** | **૨૪.૧%** | **૨૦.૪%** | **૨૮.૭%** |
| ૧૧. | દૂધની દૈનિક આવકનું પ્રમાણ | ૬૦ થી ૧૦૦ | ૧૦૧ થી ૫૦૦ | ૫૦૧ થી ૧૦૦૦ | ૧૦૦૧ થી વધારે |
| | | **૧૮.૭%** | **૩૬.૪%** | **૩૦.૮%** | **૧૪%** |
| ૧૨. | દૂધની વાર્ષિક આવકનું પ્રમાણ | ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ | ૨૧૦૦૦ થી ૩૦૦૦૦ | ૩૧૦૦૦ થી ૪૦૦૦૦ | ૪૧૦૦૦ થી વધારે |
| | | **૨૨%** | **૧૩.૮%** | **૧૫.૬%** | **૪૮.૬%** |
| ૧૩. | પશુઓ પાછળ થતું વાર્ષિક સરેરાશ ખર્ચ પ્રમાણ | ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ | ૧૬૦૦૦ થી ૨૫૦૦૦ | ૨૬૦૦૦ થી ૪૦૦૦૦ | ૪૧૦૦૦ કરતાં વધારે |
| | | **૩૩%** | **૨૨.૯%** | **૧૭.૪%** | **૨૬.૬%** |
| ૧૪. | પશુપાલન વ્યવસાય અંતર્ગત પ્રાપ્ત થતી માસિક આવકનું પ્રમાણ | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૧૧૦૦૦ થી ૧૫૦૦૦ | ૧૬૦૦૦ થી ૨૦૦૦૦ | ૨૧૦૦૦ થી વધારે |
| | | **૪૫.૪%** | **૨૩.૧%** | **૧૭.૬%** | **૧૩.૯%** |
| ૧૫. | પશુપાલન વ્યવસાય અંતર્ગત પ્રાપ્ત થતી વાર્ષિક આવકનું પ્રમાણ | ૨૦૦૦૦ થી ૩૦૦૦૦ | ૩૧૦૦૦ થી ૫૦૦૦૦ | ૫૧૦૦૦ થી ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ થી વધારે |
| | | **૨૯%** | **૯.૩%** | **૧૫%** | **૪૬.૭%** |
| ૧૬. | પશુપાલકોમાં બચત પ્રમાણ | બેન્કમાં | પોસ્ટમાં | સહકારી મંડળીમાં | અન્ય |
| | | **૬૩.૩%** | **૯.૨%** | **૪%** | **૨૩.૫%** |
| ૧૭. | પશુપાલકોમાં મિલકતનું પ્રમાણ | દાગીના | મકાન | જમીન | વાહન (અન્ય) |
| | | **૫.૫%** | **૩૦.૬%** | **૪૧.૭%** | **૨૨.૨%** |
| ૧૮. | પશુપાલનલક્ષી સરકારી યોજનાની માહિતીનું પ્રમાણ | હા | | ના | |
| | | **૭૭.૧%** | | **૨૨.૯%** | |
| ૧૯. | પશુ રસીકરણ અંતર્ગત આપવામાં આવતી રસીનું પ્રમાણ | હા | | ના | |
| | | **૯૦.૮%** | | **૯.૨%** | |
| ૨૦. | પશુપાલન વ્યવસાય અંતર્ગત તેમ આત્મનિર્ભર છો | હા | | ના | |
| | | **૮૭.૨%** | | **૧૨.૮%** | |

ઉપરોક્ત માહિતી વર્ગીકરણના આધારે જોઈ શકાય છે કે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં એકંદરે આવકનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. સાથે સાથે તેઓમાં બચતનું પ્રમાણ પણ સારું જોવા મળ્યું છે. આ વ્યવસાય અંતર્ગત પશુપાલકોમાં શિક્ષણના પ્રમાણ પર નજર કરતાં નિરક્ષરતા ધરાવતા ૧૦%, પ્રાથમિક શિક્ષણ ૨૦%, માધ્યમિક શિક્ષણ ૩૪.૫% અને ઉચ્ચ માધ્ય. શિક્ષણ ધરાવતા લોકોનું પ્રમાણ ૩૫.૫% જોવા મળ્યું છે. આથી કહી શકાય કે પશુપાલકોમાં એકંદરે શિક્ષણનું પ્રમાણ સારું જોવા મળ્યું છે.

**આલેખ-૧**




પશુપાલકોમાં આવક સામે બચત પ્રમાણ પર નજર કરતાં બચતનું પ્રમાણ પણ એકંદરે દારૂ જોવા મળ્યું છે. મોટાભાગના પશુપાલકો સૌથી વધુ બેન્કમાં (૬૩.૩%) પોતાની બચતનો સંગ્રહ કરતાં જોવા મળ્યા છે.

**આલેખ-૨**




પશુપાલન વ્યવસાય અંતર્ગત પશુપાલકોમાં આવકનું પ્રમાણ સારું જોવા મળ્યું છે. આ વ્યવસાયમાં પશુઓના ઉછેર દ્વારા દૂધ ઉત્પાદન, પશુ વેચાણ વગેરે મારફતે સારી આવક મેળવી શકે છે. આ અભ્યાસ અંતર્ગત પશુપાલકોની માસિક આવક જોતાં ૫ થી ૧૦ હજારની આવક મેળવતા લોકોનું પ્રમાણ ૪૫.૪ ટકા, ૧૧ થી ૧૫ હજારની આવક મેળવતા લોકોનું પ્રમાણ ૨૩.૧ ટકા, ૧૬ થી ૨૦ હજારની આવક મેળવતાં લોકોનું પ્રમાણ ૧૭.૬ ટકા અને ૨૧ હજાર થી વધુ રકમ મેળવતા લોકોનું પ્રમાણ ૧૩.૯ ટકા જોવા મળ્યું છે. આથી કહી શકાય કે પશુપાલન વ્યવસાય દ્વારા પશુપાલકોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

**આલેખ-૩**



પશુપાલકોમાં સરકારલક્ષી યોજનાઓની માહિતી પર નજર કરતાં મોટાભાગના પશુપાલકો સરકારની યોજનાઓથી માહિતગાર છે. તેઓ સરકાર દ્વારા આપવામાં આવતી માહિતી ધરાવે છે. માત્ર (૨૨.૯%) પશુપાલકો કે જે સરકરલક્ષી માહિતી ધરાવતા નથી.

**આલેખ-૪**




પશુપાલન વ્યવસાય સાથે સંક્યાળેલા લોકોમાં મિલકતના પ્રમાણ પર નજર કરતાં મિલકતનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. મોટાભાગના પશુપાલકો ખેતી સાથે સંકળાયેલા હોવાથી જમીન માલિકીનું પ્રમાણ વધારે ધરાવે છે. જે અંતર્ગત જોતાં સૌથી વધુ (૪૧.૭%) પશુપાલકો માલિકીની જમીન ધરાવે છે. જ્યારે (૩૦.૬%) પશુપાલકો પાસે પોતાની માલિકીના મકાન છે. આથી, કહી શકાય કે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોમાં માલિકીનું પ્રમાણ સારું જોવા મળ્યું છે.

**આલેખ-૫**




**તારણો :-**

આમ, ઉપરોક્ત માહિતી વર્ગીકરણના આધારે સંશોધન અભ્યાસના તારણો રજૂ કરવામાં આવ્યા છે.

૧. પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ સારું જોવા મળ્યું છે.

૨. પશુપાલન વ્યવસાય અંતર્ગત કામ કરતાં લોકોમાં આવકનું પ્રમાણ વધારે જોવા મળેલ છે. જેમાં સૌથી વધારે આવક દૂધ ઉત્પાદનની જોવા મળી છે.

3. પશુપાલકોમાં સરકારલક્ષી યોજનાની માહિતી સારા પ્રમાણમાં ધરાવે છે.

૪. પશુ આરોગ્ય બાબત અંતર્ગત તેઓ પશુ રસીકરણ દરમિયાન મોટાભાગના પશુપાલકો (૯૦.૮%) એ પશુઓને રસી અપાવી હતી.
૫. પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોમાં મોટા ભાગના (૮૭.૯%) પશુપાલકોનું માનવું છે કે આ વ્યવસાય થકી તેઓના જીવનધોરણમાં નોંધપત્ર સુધારા થયા છે.
૬. આ વ્યવસાય થકી (૭૯.૮%) લોકોનું માનવું છે કે પશુપાલનથી તેઓના સામાજિક રીત-રિવાજો અને ઉત્સવો સારી રીતે કાઢી શકયા છે.
૭. પશુપાલન વ્યવસાયથી તેઓના આર્થિક સામાજિક જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થયો છે.

**સૂચનો :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વર્ગીકરણના આધારે ભાવિ સંશોધન વિશેના તેમજ અભ્યાસને લગતા સૂચનો અનિવાર્ય બને છે. જે નીચે મુજબ છે.

1. પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોમાં સાક્ષરતાના પ્રમાણમાં વધારો થાય તેમજ પશુપાલનને લગતી માહિતી મેળવી શકે તેવા પ્રયાસો હાથ ધરવા.
2. પશુઓને આરોગ્યલક્ષી સારવાર તાત્કાલિક મળી રહે તે માટે ગામદીઠ આરોગ્ય કેન્દ્રોની રચના કરવી.
3. પશુરસીકરણ અંતર્ગત ઘરદીઠ પશુઓને રસીની સેવા ઉપલબ્ધ કરવી.
4. પશુઓમાં નવીન જાતો અને ઓલાદોના પ્રકારથી પશુપાલકોને વાકેફ કરવા.
5. સરકારલક્ષી યોજનાઓને પશુપાલકો સુધી યોગ્ય રીતે મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવી.
6. દરેક પશુપાલકને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવા.
7. કુદરતી હોનારતો કે આકસ્મિક બનાવોમાં મૃત્યુ પામતા પશુઓને વીમા કવચ અંતર્ગત આર્થિક સહાય કરવી.
8. પશુપાલન વ્યવસાય અંતર્ગત કામ કરતાં પશુપાલકોને પશુઓ દ્વારા થતાં આકસ્મિક બનાવોમાં થતી ઈજા કે મૃત્યુના બનાવમાં તેઓને સરકાર તરફથી યોગ્ય સહાય મળી રહે તેવા પ્રત્યનો હાથ ધરવા.

**સંદર્ભ :**


1. ડૉ.વી,કે,કરંગીયા, ડૉ.એન.એસ.જોષી ; પશુ આહારમાં મિનરલ મિક્ષ્ચર - જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી-૨૦૧૭-૧૮.
2. http://gu.wikipedia.org/w/index.php.
3. Gu.vikaspedia.in
4. https//en.n.wikipidia.org/wiki/animal husbandry.in.india
5. ડૉ. મુકેશ કે. પટેલ ; ગુજરાતના પશુધનની યશોગાથા, અંક-૨-૩, માર્ચ- ૨૦૧૯.
6. https//dough.gujarat.gov.in/cattle-feldcstabilshent.guj.gtm.pasupalan.
7. ગૌધિલી, કામધેનું યુનિવર્સિટીનું ત્રીમાસિક પ્રકાશન, સળંગ અંક. ૪-૫, ૨૦૧૭.
8. એન.એચ.કેલાવાલા ; પશુપાલનના વિકાસમાં મહિલાઓનો ફાળો, નવસારી કૃષિ મહાવિધાલય, કૃષિ મહોત્સવ પરિસંવાદ-૨૦૦૯. પેજ: ૫-9.